અપીલ અરજી નં.૩૩૬ તા.૫–૨–૦૯

અરજદારઃ શ્રીમતિ મંદાબેન અજયભાઈ કોઠાણે

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ ત્રાહિત વ્યકિત શ્રીમતિ મંદાબેન અજયભાઈ કોઠાણેની તા. ૫–૨–૦૯ ની અરજીથી સા.ઝોન/અકણ(આરટીઆઈ)૧૩૫૮ તા.૩૦–૧–૦૯ ના પત્ર સંદર્ભે માહિતી માંગનાર ઈસમ ગોપાલનગર ખાતે રહેતા નથી અને ખોટું સરનામું જણાવી અમારા દસ્તાવેજો મેળવી ફોજદારી કરી કિમતી જમીન પચાવી પાડવા પ્રયત્નો કરી રહયા છે તેમાં નિષ્ફળતા જતાં માહિતી માંગી જાહેર હિતને બદલે પોતાના સ્વાર્થ માટે દુર ઉપયોગ કરવા માંગે છે તેથી અમારી માલિકીની મિલ્કતના દસ્તાવેજોના પુરાવા નહીં આપવા વાંધો લઈ અપીલ કરેલ છે.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૬/૨૦૦૮–૦૯

શ્રીમતિ મંદાબેન અજયભાઈ કોઠાણેની તા.૫–૨–૦૯ ની અરજીથી સાઉઝોન/અકણ(આરટીઆઈ) ૧૩૫૮ તા.૩૦–૧–૦૯ ના પત્ર સંદર્ભે માહિતી માંગનાર ઈસમ ગોપાલનગર ખાતે રહેતા નથી અને ખોટું સરનામું જણાવી અમારા દસ્તાવેજો મેળવી ફોજદારી કરી કિમતી જમીન પચાવી પાડવા પ્રયત્નો કરી રહયા છે તેમાં નિષ્ફળતા જતાં માહિતી માંગી જાહેર હિતને બદલે પોતાના સ્વાર્થ માટે દુર ઉપયોગ કરવા માંગે છે તેથી અમારી માલિકીની મિલ્કતના દસ્તાવેજોના પુરાવા નહીં આપવા વાંધો લઈ એપેલેટ ઓફિસરને તા.૫–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત,આરટીઆઈ કલમ–૧૧ હેઠળ ત્રાહિત વ્યકિતને બજાવેલ નોટીસ, ત્રાહિત ધ્વારા લીધેલ વાંધો/આવેલ રજુઆતની નકલ તથા માહિતી જાહેર કરવાના નિર્ણયની અરજદારને કરેલ જાણની નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૧૧૦૯ તા.૧૯–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા અરજદારને અપીલ અં ગે વાંધાઓ સહિતની વિગત અપીલ અરજી પત્રક જમાં મોકલી આપવા જણાવવામાં આવેલ.જેના અનુસંધાને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૦૩ તા.૨૫–૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગત મળેલ છે. જયારે અરજદાર તરફથી ત્રાહિત વ્યકિતને આરટીઆઈ એકટ હેઠળ કલમ–૧૧ મુજબની બજાવેલ નોટીસ અને ત્રાહિત વ્યકિતએ નોંધાવેલ વાંધા સંદર્ઘ કરેલ નિર્ણયની જાણ કરતાં પત્રની નકલ રજુ કરવામાં આવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તે રજુ કરવામાં આવેલ છે.

અરજદારે તેની તા.૫–૨–૦૯ ની અરજીથી અરજદાર શ્રી સુમન બી. પટેલની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી આરટીઆઈ હેઠળ પ્લોટ નં.૧૭૫ વિષ્ણુનગર વિ–૨ ટેના નં.૨૭ઈ–૦૩–૯૦૨૧–૦–૦૦૧ ઉધના સુરતના વેરાબીલની તથા કબ્જા રસીદ વિગેરે દસ્તાવેજની માંગણી કરેલ છે. તેની સામે ત્રાહિત વ્યકિત તરીકે અરજદારે માહિતી નહીં આપવા અં ગે વાંધો નોંધાયેલ છે. જેમાં અરજદારે જાહેર હિત નહીં પરંતુ પોતાના સ્વાર્થ અંગે દુર ઉપયોગ કરવા માંગે છે તેવી અપીલમાં રજુઆત કરેલ છે. જેના અનુસંધાને નં.આરટીઆઈ સેલ/૧૧૩૦ તા.૨૪–૨–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને અરજદારને તા.૨૭–૨–૦૯ ના રોજ સાંજે ૩.૧૫ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા ખાતે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહેલ. અને તેઓએ જણાવેલ માહિતી માંગનાર અરજદારને પાર્ટી સ્ટેટસની વિગતો આપેલ છે. જેમાં ટેનામેન્ટ ધારકનું નામ, સ્થળ અને અન્ય વેરાની વિગત આવે છે તેમાં કોઈ દસ્તાવેજ કે ખાનગી માહિતીનો સમાવેશ થતો નથી. તેમજ મિલ્કતના નામ ફેર કરવા અંગે આપ ધ્વારા રજુ કરવામાં આવેલ કબ્જા રસીદ તેમજ દસ્તાવેજની માહિતી તથા વેરાની વિગત અંગેના પાર્ટી સ ્ટેટસને વ્યાપક અર્થમાં ખાનગી માહિતી ગણી શકાય નહીં જે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૫૮ તા.૩૦–૧–૦૯ ની માહિતીમાં જણાવેલ છે. તેમજ પાર્ટી સ્ટેટસ આપેલ છે કબ્જા રસીદ અંગે અરજદારને જાણ કરેલ પરંતુ અરજદારે દસ્તાવેજ ફી ના પૈસા ભરેલ ન હોવાથી કબ્જા રસીદની નકલ આપી શકાયેલ નથી. જે અંગે નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૬૯ તા.૧૬–૨–૦૯ થી મળેલ પૂરક માહિતી ધ્વારા મળેલ પત્રમાં જણાવવામાં આવે છે. અરજદાર સુનાવણી વખતે સુનાવણીના એક કલાક બાદ પણ હાજર રહેલ ન હતાં .

આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ની જોગવાઈ હેઠળ ત્રાહિતને લગતી કે ત્રાહિત ધ્વારા પુરી પાડેલ અને ત્રાહિત ધ્વારા ખાનગી ગણેલ માહિતી જાહેર કરતાં પૂર્વે ત્રાહિતને તેમનો પક્ષ રજુ કરવાની તક પુરી પાડવાની રહે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત ઠરાવેલા સમય અવધિ બાદ પરંતુ અરજી નિકાલની અવધિમાં તે અનુસરેલ જણાય છે. આ જ બાબતે કલમ–૧૧ (૧) ની જોગવાઈ હેઠળ વેપાર અથવા વાણિજય રહસ્યો જે કાયદાથી રક્ષિત છે. તે સિવાયના કિસ્સામાં માહિતી જાહેર થવાથી ત્રાહિતનો થનાર સંભવિત નુકશાન સામે જાહેર હિત વધુ મહત્વનું જણાય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારી માહિતી જાહેર કરી શકે તેવી પણ જોગવાઈ છે. આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા જાહેર સ્ત્રોત હેઠળની માહિતી શુભ હેતુથી જાહેર કરવા નિર્ણય લીધાનું જણાય છે પરંતુ માહિતી માંગતા અરજદારે નાણા ભરપાઈ નહીં કરતાં માહિતી પુરી પાડેલ નથી જેથી ત્રાહિતની કોઈ માહિતી પ્રસ્તુત તબકકે જાહેર થયેલ ગણાય નહીં.

***હુકમ***

અરજદારની મૂળ અરજી, ત્રાહિત વ્યકિતની અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ત્રાહિત ધ્વારા જે માહિતી જાહેર કરવા સામે વાંધો લીધેલ છે તે કબ્જા રસીદ અને વેરાબીલની માહિતી ત્રાહિતના વાંધાના ઉપલક્ષ્યમાં જાહેર કરવા પાત્ર થાય નહીં. મુળ અરજદારે ફી નહીં ભરતાં માહિતી અપાયેલ નથી જે ત્રાહિતનો વાંધો ગ્રાહય રાખી જાહેર નહીં કરવા ઠરાવવામાં આવે છે. અરજીના મુળ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા તે મુજબ સૂચિત કરવા પણ તથા સાથે અપીલની જોગવાઈ જણાવવા સૂચિત કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***<br>
અ***ને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રીમતિ મંદાબેન અજયભાઈ કોઠાણે